જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૫/૯/૨૦૧૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૧૭૯૩/૧૫

## ઇસનપુર તથા કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ ઘરફોડ ચોરીઓના ગુનાઓમાં આરોપીઓને પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ.

નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઇમ સેલ નાઓની સુચનાથી તેમજ પોલીસ ઇન્સપેકટર એસ.એલ.ચૌધરી સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇન્સ.શ્રી જે.એમ.જાડેજા નાઓ મિલકત સબંધી ગુનાઓ શોધવા માટે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમી હકીકત મળેલ કે, ઇસનપુર તથા કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ ઘરફોડ ચોરીના ગુનાના કામે આરોપીઓ (૧) મહંમદ નઝરૂલ @ નોઝુ સ/ઓ મોહંમદમુરાદ શેખ ઉ.વ.30 રહે. નવાબનગરના છાપરા,શાહઆલમ,ઇસનપુર ,અમદાવાદ શહેર (૨) શઇદ @ ટુંડા સ/ઓ લાલમીંયા શેખ ઉ.વ.૬૪ રહે.નવાબનગર, ચંડોળા તળાવ શાહઆલમ,ઇસનપુર,અમદાવાદ નાઓને આજરોજ પકડી અટક કરેલ છે આરોપીઓ પાસેથી ઇન્ટેક્ષ કંપનીનો કલાઉડ ઝેડ ૬ મોબાઇલ ફોન નંગ-૧ તથા સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન-૧ તથા વુડલેન્ડ કંપનીનુ ચામડાનુ પર્સ તથા ચાંદીનો સિકકો તથા હીરો હોન્ડા પેશન પ્લસ મો.સા. નં. જીજે.૧.જેસી.૮૧૫૯ કી.રૂ. 30,000/- મળી કુલ્લે રૂ. ૩૬,૪૦૦/- ના મુદ્દામાલ મળી આવેલ છે. જે અંગે ઇસનપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૫૭/૧૫ ઇપીકો કલમ ૩૭૯ મુજબ તથા કાગડાપીઠ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૪૫/૧૫ ઇપીકો કલમ ૩૮૦ મુજબ ગુના નોંધાયેલ છે.

સદરી આરોપીઓની પુછપરછ દરમ્યાન આરોપી મહંમદ નઝરૂલ @ નોઝુ સ/ઓ મોહંમદમુરાદ શેખ ઉ.વ.30 રહે. નવાબનગરના છાપરા,શાહઆલમ,ઇસનપુર ,અમદાવાદ શહેર નાએ આજથી આશરે ચારેક માસ અગાઉ કાંકરીયા પિન્ક પાર્ક સોસાયટીમાં આવેલ એક મકાનમાં પહેલા માળે આવેલ રૂમમાંથી એક લેપટોપ તથા ત્રણ મોબાઇલ ફોન તથા પાકીટની ચોરી કરેલાનુ અને આ ચોરીમાં મળેલ લેપટોપ આરોપી શહીદ @ ટુંડાને આપેલ હોવાની કબુલાત છે. જે અંગે કાગડાપીઠ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૪૫/૧૫ ઇપીકો કલમ ૩૮૦ મુજબનો ગુનો નોંધાયેલ છે.

**આરોપી** મહંમદ નઝરૂલ @ નોઝુ સ/ઓ મોહંમદમુરાદ શેખ ઉ.વ.30 રહે. નવાબનગરના છાપરા,શાહઆલમ,ઇસનપુર ,અમદાવાદ શહેર નાનો અગાઉ સને ૨૦૧૦ માં વટવા પો.સ્ટે.માં ભંગાર ચોરીના ગુનામાં પકડાયેલ હતો તેમજ ઇસનપુર પો.સ્ટે.માં મારામારીના ગુનામાં પકડાયેલ. ત્યારબાદ સને ૨૦૧૩ માં એલીસબ્રિજ પો.સ્ટે.માં મોબાઇલ ચોરીના ગુનામાં પકડાયેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

# મારામારીના ગુનામાં નાસતા ફરતા આરોપીની ધરપકડ કરતી
# અમદાવાદ શહેર એસઓજી ક્રાઇમબ્રાન્ચ

નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રેન ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી એસઓજી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.ડી.જાડેજા સાહેબ નાઓએ મીલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં પોસઇ શ્રી સી.બી.ગામીત નાઓ ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા ઉજાલા સર્કલ સરખેજ પાસે આવતા સાથેના પો.કો. જગદીશસિંહ ભરતસિંહ તથા પો.કો. નિશારઅહેમદ ઉસ્માનમીયાં નાઓની બાતમી આધારે કનુભાઇ મણાભાઇ ચુનારા ઉવ.૪૫ ધંધો:ખેતીકામ રહે, ગામ:મટોડા, તા.સાણંદ, જી.અમદાવાદ નો મળી આવેલ. જે ઇસમની પુછપરછ કરતાં દાણીલીમડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૭૮/૨૦૧૫ ધી ઇપીકો કલમ ૩૦૭, ૨૯૪(ખ), ૧૧૪, ૫૦૬(૨) તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનામાં વોન્ટેડ હોવાની હકીકત જણાયેલ. જેથી સદર આરોપીને આજરોજ તા.૦૪/૦૯/૧૫ ના કલાક વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) એ મુજબ પકડી અટક કરવામાં આવેલ. વધુ તપાસ અર્થે આરોપીઓ તથા કાગળો દાણીલીમડા પોલીસ સ્ટેશન મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)